**72125 Gujarati-3**

પરિશિષ્ટ : 1

માસ્ટર પરિપત્ર

ડિપોઝિટ એકાઉન્ટ્સની જાળવણી

સંયુક્ત ખાતાઓ : `આઈધર ઓર સર્વાઈવર', `લેટર ઓર સર્વાઈવર' `ફોર્મર ઓર સર્વાઈવર' વગેરે.

(રેફ. ફકરો 5.1.1. (i))

એલએસી/ 19-96-29 28 ઓગસ્ટ 1980

બધી સભ્ય બેન્કોના મુખ્ય કાર્યવાહક અધિકારી

સાહેબશ્રી/સ્નેહીશ્રી

સંયુક્ત ખાતા `આઈધર ઓર સર્વાઈવર'

`લેટર ઓર સર્વાઈવર' `ફોર્મર ઓર સર્વાઈવર' વગેરે

નજીકના ભૂતકાળમાં જ પ્રેસમાં ઘણાં પત્રો દ્વારા જાણ થઈ કે સંયુક્ત ખાતા ધારકો સેવિંગ્ઝ કે ટર્મ ડિપોઝિટ એકાઉન્ટ્સમાં અવધિ પહેલાં રકમ ઉપાડવામાં તેમ જ કોઈ એક ધારકનું મૃત્યુ થતાં ખૂબ તકલીફ અનુભવાય છે. આ બાબત દર્શાવે છે કે `આઈધર ઓર સર્વાઈવર', `લેટર ઓર સર્વાઈવર', `ફોર્મર ઓર સર્વાઈવર', વગેરે ખાતા અને તેની કાયદાકીય અમલનો બાબતને અનુસરવા માટે લોકોમાં અસમંજસ છે.

2. સંયુક્ત ખાતાઓ

સંયુક્ત ખાતા (ચાલુ, બચત અથવા ડિપોઝિટ)ના સંદર્ભે બે અથવા વધુ વ્યક્તિનું નામ રાખવામાં આવ્યું હોય ત્યારે રકમની ચૂકવણી માટે સર્વાઈવર/ર્સની જોગવાઈ છે. આ જોગવાઈ અંતર્ગત કોઈ એક રોકાણકારના મૃત્યુ બાદ સર્વાઈવર કે કાયદેસરનો વારસ તે ખાતાની રકમ ઉપાડી શકે છે. આવા કિસ્સામાં દિવંગતના કાયદેસરના વારસદારની ખાતરીમાં મુશ્કેલી ઉદ્ભવે તો બેન્ક દાવાના નિકાલપૂર્વે કાયદેસર પ્રતિનિધિ (દિવંગતની મિલકતનો) આગ્રહ રાખી શકે. કાયદેસર પ્રતિનિધિ માટેની ગ્રાન્ટ મેળવવા માટે તેમજ થનારા ખર્ચ માટે બેન્ક સંયુક્ત ખાતું ખોલાવા કહી શકે. જેમાં ચૂકવણીની શરતો (અ) આઈધર ઓર સર્વાઈવર (બ) ફોર્મર/ લેટર ઓર સર્વાઈવરટ' (ક) એનીવન ઓર સર્વાઈવર/ સર્વાઈવર વગેરે રાખી શકે. આ મુદ્દો બેન્કમાં વર્કિંગ ગ્રુપ ઓન કસ્ટમર સર્વિસના રેકોમેન્ડેશન ક્રમાંક : 6માં સમજાવ્યો છે.

3. સર્વાઈવરશીપના ફાયદા

સર્વાઈવરશીપની જોગવાઈનો મુખ્ય ફાયદો એ છે કે તે બેન્કમાંથી રકમ ઉપાડવા માટે માન્યતા પ્રાપ્ત કરે છે. બેન્ક દ્વારા કાયદેસર રીતે સર્વાઈવરને રકમ મળતી હોવા છતાં તે કાયદેસરના વારસદારનો ટ્રસ્ટી (સર્વાઈવરને જે રીતે સામેલ કરાયો હોય તે રીતે) ગણાય છે. સિવાય કે દિવંગત સાથેના ખાતાનો તે એક જ સંયુક્ત ખાતેદાર હોય અથવા તે એક જ મૃત્યુ પામેલા રોકાણકારનો કાયદેસર વારસદાર હોય. આ રીતે સર્વાઈવરના અધિકારો દિવંગત રોકાણકારનો તે સીધો કાયદેસર વારસ હોય કે એકલો જ સર્વાઈવર હોય ન હોય ત્યાં સુધી મળતા નથી. તે જ મૃત્યુ પામનારા રોકાણકારના ખાતાની રકમ બેન્કમાંથી મેળવી શકે છે. કાયદેસરના વારસ તરફથી રકમ માટેનો દાવો કરવામાં આવે ત્યારે બેન્કને સૂચવવામાં આવે છે કે, કરારની શરતો મુજબ ખાતાની રકમ બેન્કે સર્વાઈવરને ચૂકવવાની રહે છે, સિવાય કે કોર્ટ તરફથી સર્વાઈવરને ચૂકવણી રોકવાનો હુકમ ન હોય. બેન્કને સર્વાઈવરને રકમ ચૂકવવાનો અધિકાર છે. ટૂંકમાં, કોર્ટ તરફથી ચૂકવણી અંગે કોઈ પ્રતિબંધ હુકમ ન હોય ત્યાં સુધી બેન્ક સર્વાઈવરને રકમ ચૂકવી શકે.

4. સંયુક્ત બચત ખાતું- આઈધર ઓર સર્વાઈવર/ એનીવન ઓર સર્વાઈવર કે સર્વાઈવર્સ

**72125 Gujarati-3**

ઉપરોક્ત ફકરા ત્રણમાં દર્શાવ્યા મુજબ સર્વાઈવર બેન્કમાંથી રકમ ઉપાડવાનો અધિકાર ધરાવે છે. કાયદેસરનો વારસ દાવો માંડે અને કોર્ટ દ્વારા ચૂકવણી પર રોક મૂકવામાં આવે તો જ સર્વાઈવરને ચૂકવણી અટકાવવામાં આવે છે. અન્યથા બેન્કને સર્વાઈવરને ચૂકવણી કરવાનો અધિકાર છે.

5. ખાતાધારકોમાંથી એકનું અવસાન થતાં સંયુક્ત ટર્મ ડિપોઝિટ એકાઉન્ટ/ પ્રિમેચ્યોર/ પેમેન્ટ અથવા લોન અંગે.

5.2 `આઈધર ઓર સર્વાઈવર' અથવા `એનીવન ઓર સર્વાઈવર્સ' અથવા સર્વાઈવર' પ્રકારના ખાતા

સંયુક્ત ખાતું `આઈધર ઓર સર્વાઈવર/ એનીવન ઓર સર્વાઈવર્સ કે સર્વાઈવર' પ્રકારે ખોલાવ્યું હોય તો સંયુક્ત ખાતા ધારકમાંથી કોઈના અવસાન બાદ સર્વાઈવરની વિનંતીને માન્ય રાખી બેન્ક અવધિ પહેલાં રકમનો ઉપાડ કરવાની કે ટર્મ ડિપોઝિટ રસીદ સામે લોનની ગ્રાન્ટ આપવાની મંજૂરી આપી શકે.

સર્વાઈવર (ડિપોઝિટર્સ)ની અવધિ પહેલા ચૂકવણીની વિનંતીને માન્ય રાખી શકાય. જો (i) ડિપોઝિટના કરારમાં અવધિ પહેલાં ચૂકવણીનો વિકલ્પ હોય (ii) `આઈધર/ એનીવન ઓર સર્વાઈવરશીપ'ની જોગવાઈ અસલ રોકાણકારે રાખી હોય. સર્વાઈવિંગ ડિપોઝિટર (ર્સ) ખાસ કિસ્સામાં લોનની અરજ પણ કરી શકે છે. આવા કિસ્સામાં ચૂકવણીના સમયે રકમ ચૂકવવામાં આવે તે પહેલા દિવંગત રોકાણકારના કાયદેસરના પ્રતિનિધિ દાવો કરે તો બેન્કે સંભવિત જોખમનો સામનો કરવો જોઈએ. આવા પ્રસંગે બેન્કે ચૂકવણી માટે ઉછીના નાણાં આપનારા શોધવા જોઈએ. પ્રિમેચ્યોર પેમેન્ટ અથવા લોનની મંજૂરી માટેની અરજીની આ અવ્યવસ્થા સંયુક્ત ખાતા (આઈધર ઓર સર્વાઈવર/ એનીવન ઓર સર્વાઈવર્સ અથવા સર્વાઈવર)માં બધા ખાતાધારકો હયાત હોય તો પણ થઈ શકે છે.

ટર્મ ડિપોઝિટ કરારમાં લોન કે પ્રિમેચ્યોર પેમેન્ટની મંજૂરી આઈધર/ એનીવન ક્લોઝમાં રોકાણકારને ડિપોઝિટની સમયમર્યાદામાં ગમે ત્યારે મળી શકે તેનો ઉલ્લેખ છે. ખાતું ખોલાવવાના અરજીપત્રકમાં પણ તેની નોંધ છે, જે નીચેના ફકરા 6માં દર્શાવેલું છે.

5.2 જોઈન્ટ ટર્મ ડિપોઝિટ – ફોર્મર ઓર સર્વાઈવર/ લેટર ઓર સર્વાઈવર વગેરે આ પ્રકારની ટર્મ ડિપોઝિટમાં માલિક રોકાણકાર (ફોર્મર/લેટર)નો ઈરાદો તેના મૃત્યુ પછી જ સર્વાઈવરને રકમની ચૂકવણીની સગવડ મળે તેવો હોય છે. મુખ્ય રોકાણકારને બધા નાણાંનો વ્યવહાર કરવાનો હક્ક છે. તે માટે તેનું મૃત્યુ થાય અથવા તો રોકાણની અવધિ પૂર્ણ થાય. બેમાંથી જે પહેલાં થાય તે મુજબ. આ કારણે જ આવા રોકાણ સામે પ્રિમેચ્યોર પેમેન્ટ કે લોનની મંજૂરી માટેની ફોર્મર/લેટરની વિનંતી સામે બેન્ક અન્ય પક્ષ/ પક્ષો પાસેથી કોઈ દસ્તાવેજની માગણી કરતી નથી. સંયુક્ત રોકાણકારોએ ખાતુ ખોલાવવા માટેના અરજી ફોર્મમાં આ બાબતે લાગુ પડતી જોગવાઈ ભરવી જોઈએ તેમ પણ અહીં ઈચ્છનીય છે.

6. ટર્મ ડિપોઝિટ રિસિપ્ટ માટે ખાતું ખોલાવવાની અરજીનાં સ્પેશિયલ ક્લોઝ

બેન્કે ટર્મ ડિપોઝિટના કરાર વખતે ખાતુ ખોલાવવાના અરજીપત્રકમાં નીચેની બાબતોનું ધ્યાન રાખવું :

`બેન્કે જે હોય તે, લેખિત અરજી મોકલનાર શ્રી ---------- અમારામાંથી ફોર્મર/લેટર/ પ્રથમ નામ, બીજું નામ વગેરે અથવા અમારામાંથી આઈધર ઓર સર્વાઈવર, અમારામાંથી એનીવન ઓર સર્વાઈવર્સ કે સર્વાઈવર, આ પ્રકારની શરતો બેન્કે આ રીતે ઠરાવવી, (અ) અમારા સંયુક્ત નામે ટર્મ ડિપોઝિટ રિસિપ્ટની સિક્યોરિટી સામે લોન/ એડવાન્સની મંજૂરી આપવી અથવા (બ) ડિપોઝિટની પ્રિમેચ્યોર ચૂકવણી અમને ફોર્મર/ ધ લેટર/ અમારામાંથી પ્રથમ નામ/ આઈધર બીજા નામને અથવા સર્વાઈવર વગેરે અમારા નામે/ એની વન ઓફ અસ અથવા અમારામાંથી સર્વાઈવર્સ/ સર્વાઈવરને કરવી.'